# જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી સુરત

બ્લોક-એ,ત્રીજો માળ, જિલ્લા સેવા સદન-૨ અઠવાલાઈન્સ સુરત- ૩૯૫૦૦૧

ફોન નંબર-0261-2662902, suratdeo@gmail.com , web :-www.suratdeo.org

જા.નં. મા-૨/૨૦૨૬/10360 તા.29/૦૭/૨૦૨૬

પ્રતિ,

આચાર્યશ્રી,

પ્રાથમિક,માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓ (૧ થી ૯)

સુરત શહેર

વિષય :- રાષ્ટ્રીય બાળ વિજ્ઞાન પરિષદ (National Children's Science Congress) કાર્યક્રમમાં વિદ્યાર્થીઓ અને શિક્ષકોએ ભાગ લેવા બાબત.

સંદર્ભ :-ગુજરાત રાજ્ય સાયન્સ એન્ડ ટેકનોલોજી વિભાગીય સંસ્થા,ગાંધીનગરનો પત્ર ક્રમાંક નં.૬૩૧/૨૦૨૬ તા.૨૪/૦૭/૨૦૨૬

ઉપરોક્ત વિષય તથા સંદર્ભ અન્વયે જણાવવાનું કે રાષ્ટ્રીય બાળ વિજ્ઞાન પરિષદ કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ છે. જેમાં તમામ શિક્ષકો તથા ધોરણ 6 થી 10 ના વિદ્યાર્થીઓ આ કાર્યક્રમમાં ભાગ લઈ શકશે છે. આ કાર્યક્રમમાં ૧૦ થી ૧૭ વર્ષના બાળકોમાં વિજ્ઞાન અને વૈજ્ઞાનિક અભિગમનો પ્રસાર કરવાનો છે. જેમાં ૧૦ થી ૧૪ (નીચલી વય જૂથ) અને ૧૪ થી ૧૭ વર્ષ ( ઉચ્ચ વય જૂથ)ના બે જૂથમાં ભાગ લઈ શકે છે. શાળાના રસ ધરાવતા વિદ્યાર્થીઓએ માર્ગદર્શક શિક્ષકના માર્ગદર્શન હેઠળ નિર્ધારિત વિષય પર પ્રોજેક્ટ તૈયાર કરીને કાર્યક્રમમાં ભાગ લેવા માટે પોતાના નામ નોંધાવવાના છે.તમામ વિષય શિક્ષકોને સૂચના આપવામાં આવે છે કે તેઓ વિદ્યાર્થીઓને યોગ્ય માર્ગદર્શન આપી વધુમાં વધુ વિદ્યાર્થીઓને આ કાર્યક્રમમાં ભાગ લેવા પ્રોત્સાહિત કરે. તે માટે શાળાઓએ અમલ કરવા જણાવવામાં આવે છે.

બિડાણ : સંદર્ભ દર્શિત પત્ર

જિલ્લા શિક્ષણાધિકારી

સુરત-જિલ્લા.સુરત

Letter No: COS/0558/07/2026 Approved Date: 22-07-2026 06:08

# કમિશનર શાળાઓની કચેરી

## બીજો માળ, વિદ્યા સમીક્ષા કેન્દ્ર, પુનીત વનની સામે, સેક્ટર-૧૯, ગાંધીનગર

E-Mail Id: jointdirectors@gmail.com E-mail Id: samadhyamik3@gmail.com

પંચાણે લીધા :-

૧. ડાયરેક્ટર જનરલ, ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ અને ટેકનોલોજી પત્ર ક્રમાંક: ગુજકોસ્ટ/NCSC/૨૦૨૬-૨૭/૨૪૦૮, તા. ૧૪/૦૭/૨૦૨૬

પરિપત્ર:-

ગુજરાત કાઉન્સિલ એન્ડ સાયન્સ અને ટેકનોલોજી, વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગ, ગાંધીનગર તથા નેશનલ કાઉન્સિલ ફોર સાયન્સ, ટેકનોલોજી એન્ડ કોમ્યુનિકેશન (NCSTC), વિજ્ઞાન અને પ્રોદ્યોગિકી વિભાગ, ભારત સરકારના સંયુક્ત ઉપક્રમે 32માં નેશનલ ચિલ્ડ્રન્સ સાયન્સ કોંગ્રેસ (NCSC) ના જિલ્લા અને રાજ્ય સ્તરના કાર્યક્રમનું આયોજન કરી રહ્યું છે.

NCSC કાર્યક્રમનો મુખ્ય હેતુ વિદ્યાર્થીઓ પોતાના વિસ્તારની સ્થાનિક સમસ્યાઓનો અભ્યાસ કરીને વૈજ્ઞાનિક પદ્ધતિથી તેના ઉકેલો શોધે તે છે. આ કાર્યક્રમમાં ભાગ લેનાર વિદ્યાર્થીને બાળ વૈજ્ઞાનિક (Child Scientist) તરીકે સંશોધન કરવાની તક મળે છે. તેનાથી બાળકોમાં વૈજ્ઞાનિક અભિગમ અને સંશોધનાત્મક વૃત્તિનો વિકાસ થાય છે. આ પ્રોજેક્ટમાં ૬ થી ૧૨ ધોરણમાં ભણતા (૧૦-૧૭ વર્ષની વય જૂથના) વિદ્યાર્થીઓ ભાગ લે છે. પોતાના પ્રોજેક્ટ્સ પર રીસર્ચ કરીને ઇવેલ્યુએટર્સ (Evaluators) સામે પ્રેઝન્ટ કરે છે. તેમનાં માર્કિંગ અને કાર્યક્રમની ગાઇડલાઇન મુજબ વિદ્યાર્થીઓ જિલ્લાથી રાજ્ય કક્ષાએ અને રાજ્યકક્ષાથી રાષ્ટ્રીય કક્ષાએ પસંદગી પામે છે.

NCSC કાર્યક્રમની આ વર્ષની થીમ -"Science and Innovation for Sustainability" છે. જેમાં પાંચ પેટા થીમ (Sub-theme) આ પ્રમાણે છે : 1) R5 for Waste Management (Reduce, Reuse, Retrieve, Redesign & Recycle), 2) E4 for Energy: Explore, Experiment, Enhance & Evolve, 3) Water: Harvesting, Harnessing, Recycling & Conservation, 4) Food, Agriculture & Health અને 5) Application of Indian Knowledge Systems for Sustainability.

આ વર્ષથી NCSTC ના પોર્ટલ (www.n-csc.in) પર બાળ વૈજ્ઞાનિકો તથા ગાઇડ ટીચર્સનું ઓનલાઇન માધ્યમથી રજીસ્ટ્રેશન કરાવવાની જોગવાઈ કરેલ છે. રજીસ્ટ્રેશન કરવાની છેલ્લી તારીખ ૩૦મી જુલાઈ, ૨૦૨૬ છે.

આમ, ઉક્ત કાર્યક્રમાં આપના જિલ્લાના તાબા હેઠળની તમામ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના વિદ્યાર્થીઓ વધુમાં વધુ ભાગ લે તેમજ વિદ્યાર્થીઓ આ NCSC સ્પર્ધામાં સારૂ પ્રદર્શન કરે તે માટેના જરૂરી પ્રયત્નો કરવા જણાવવામાં આવે છે.

નોંધ પર મળેલ સંયુક્ત નિયામકશ્રી(માધ્યમિક)ના આદેશાનુસાર.

E-Sign

નાયબ શિક્ષણ નિયામક

માધ્યમિક

ગુ.રા., ગાંધીનગર

પ્રતિ,

જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,

જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી,

તમામ

નકલ રવાના જાણ સારૂ :-

Signature Not Verified
Signed by SanjayKumar Patel
Deputy Director
Commissionerate of Schools
2026.07.22 18:13:50 IST

File No: COS/SEC/e-file/276/2026/2370/SECONDARY

Approved By: Deputy Director,SECONDARY,COS

Open the document in Adobe Acrobat DC to verify the E-sign

ગુજરાત રાજય સાયન્સ એન્ડ ટેકનોલોજી વિભાગીય સંસ્થા
(ગુજકોસ્ટ) ગાંધીનગર પ્રેરીત
સેવા નિકેતન વિદ્યા મંડળ, સુરત સંચાલિત

# સુરત જિલ્લા લોક વિજ્ઞાન કેન્દ્ર

# Surat District Community Science Center

જીવન ભારતી સ્કુલ, નાનપુરા, સુરત. મો. ૯૮૨૫૩ ૨૯૦૨૮
e- mail. : bhoomilshah9028@gmail.com
Chairman : Mehul Shah
Director : Bhumil Shah

631 /2026

તારીખ : 24/7/26

પ્રતિશ્રી
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી
સેવાસદન સુરત
જિ. સુરત

વિષય : રાષ્ટ્રીય બાળ વિજ્ઞાન પરિષદ કાર્યક્રમમાં વિદ્યાર્થીઓ અને શિક્ષકોએ ભાગ લેવા માટેનો પરિપત્ર કરવા બાબત
સંદર્ભ : ડાયરેક્ટર જનરલ ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ અને ટેક્નોલોજીનો પત્ર

ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે સમગ્ર દેશમાં બાલવિજ્ઞાન પરિષદનું આયોજન કેન્દ્ર સરકારના વિજ્ઞાન અને ટેક્નોલોજી વિભાગ, એન.સી.એસ.ટી.સી દ્રારા યોજવામાં આવે છે. આં કાર્યક્રમ ૧૯૯૩ થી અમલમાં છે. જેનો મુખ્ય હેતુ ૧૦ થી ૧૭ વર્ષના બાળકોમાં વિજ્ઞાન અને વૈજ્ઞાનિક અભિગમનો પ્રસાર કરવાનો છે. જેમાં ૧૦ થી ૧૪ વર્ષ (નીચલી વય જૂથ) અને ૧૪ થી ૧૭ વર્ષ ( ઉચ્ચ વય જૂથ)ના બે જુથમાં ભાગ લઇ શકે છે.

આં કાર્યક્રમ માટે ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ અને ટેક્નોલોજી ગાંધીનગરએ ગુજરાત રાજ્યનું કોઓર્ડિનેટર છે.
વર્ષ ૨૦૨૬નુ વિષય : **Science and Innovation for Sustainability** (**"સુ સ્થાયિતા માટે વિજ્ઞાન અને નવીનતા"** )

| ક્રમ | ૫ પેટા વિષયો છે. |
|---|---|
| ૧ | ક્ચરા વ્યવસ્થાપન **(Waste Management)** |
| ૨ | ઉર્જા **(Energy)** |
| ૩ | પાણી સંરક્ષણ **( Water Conservation)** |
| ૪ | ખોરાક, કૃષિ અને આરોગ્ય **( Food, Agriculture & Health)** |
| ૫ | ટકાઉપણુ ભારતિય જ્ઞાન પ્રણાલીઓનો ઉપયોગ)છે. **( Application of Indian knowledge System for Sustainability)** |

૧. આં પ્રવૃતિમાં પસંદ કરેલ શાળાઓમાં શિક્ષક અને વિદ્યાર્થીનું નિયમ મુજબનું પ્રવાસ ભથ્થું ને ટી.એ (ફક્ત ગુજરાત રાજ્ય પ્રવાસ પુરતા) સંસ્થા પોતાની નિયત ગ્રાન્ટમાંથી કરી શકે છે
૨. પસંદ કરાયેલ શિક્ષકોને આં પ્રવૃતિમાં જરૂરી પ્રવાસ કરવો પડે તે સમયને લીવ ઓન ડ્યુટી ગણવામાં આવશે
૩. જિલ્લા કક્ષામાંથી પસંદ થયેલ વિદ્યાર્થીઓના દરેક ટીમનો એક લીડર રાજ્યસ્તર કક્ષાની સ્પર્ધામાં ભાગ લેશે ત્યારબાદ જો પ્રોજેક્ટ રાષ્ટ્રીય સ્તરની સ્પર્ધા માટે પસંદ થાય તો પ્રોજેક્ટનો ટીમ લીડર ભાગ લેશે
૪. રાજ્ય સ્તર અને રાષ્ટ્રીય સ્તરની સ્પર્ધામાં ભાગ લેવા માટેનો પ્રવાસ ભથ્થું ખર્ચ ગુજકોસ્ટ દ્રારા ચુકવવામાં આવશે
૫. તદનુઅસાર ચાલુ સાલે આં પ્રવૃતિમાં રાજ્યની તમામ શાળાઓને આં કાર્યક્રમમાં ભાગ લેવા વિનંતી છે. આં કાર્યક્રમ અંગે વિશેષ માહિતી મેળવવા માટે જીલ્લાના લોક વિજ્ઞાન કેન્દ્ર અથવા ગુજકોસ્ટ ક્ચેરીનો સંપર્ક કરવા વિંનતી છે.
૬. આં રાષ્ટ્રીય પ્રવૃતિમાં ગુજરાતના વધુમાં વધુ વિદ્યાર્થીઓ, શિક્ષકો અને શાળાઓ જોડાય હંમેશ મુજબ સારો દેખાવ કરી ગુજરાતનું ગૌરવ વધારશે તેવી અપેક્ષા રાખવામાં આવે છે. તે માટે શાળાના ઉત્સાહી શિક્ષકોને વધુ પ્રોત્સાહન મળે ને તેનો લાભ શાળાના બાળકોને મળે તે અંગેનું વાતાવરણ શાળામાં ઊભુ થાય એવા પ્રયત્નો કરવાના રહેશે

ડાયરેક્ટર
સુરત જિલ્લા લોક વિજ્ઞાન કેન્દ્ર
સુરત.